નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના મદદનીશ શિક્ષકોની ભરતી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: મકમ/૧૧૨૦૧૫/૧૯૫૮૫૧/અ
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૭/૧૦/૨૦૨૧

સંદર્ભ:-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૦૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:આરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૧૦)/આર
(૨) શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૧૦૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/જી.૧
(૩) શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૧૦૫/એસએમએસ/૧૦૧૧/૨૫૮/જી.૧

આમુખ:

સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૧)ના તા.૩/૨/૨૦૧૪ ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની વર્ગ-૧ થી વર્ગ-૩ ની વિવિધ જગ્યાઓના સંખ્યાબળ નક્કી કરી સીધી ભરતીથી ભરવાપાત્ર થતી જગ્યાઓ સીધી ભરતીથી ભરાય તે માટે દસ વર્ષીય ભરતી કેલેન્ડર તૈયાર કરવામાં આવેલ છે. સદરહુ કેલેન્ડરમાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષકોની જગ્યાનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ અંગેના સંદર્ભ (૨) અને (૩) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૫/૧૧/૨૦૧૯ના જાહેરનામાથી શિક્ષણ વિભાગ હેઠળની શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરવા માટે ગુજરાત રાજ્ય માધ્યમિક શાળા શૈક્ષણીક કર્મચારીવર્ગ ભરતી પસંદગી સમિતિ અને ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શાળા શૈક્ષણીક કર્મચારીવર્ગ ભરતી પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ છે. સદરહુ જાહેરનામાના નિયમ ૫(જ) મુજબ સરકારશ્રી દ્વારા વખતોવખત સોંપવામાં આવે તેવા બીજા કાર્યો સમિતિની સોંપી શકાય છે. આમ, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાઓના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષકોની ભરતી શિક્ષણ વિભાગ મારફતે કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

૧. પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષકોની નીચે મુજબની કુલ-૩૩૯ જગ્યાઓની સીધી ભરતીની કાર્યવાહી શિક્ષણ વિભાગ મારફતે "ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ" ને સોંપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ખાતાનું નામ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| વિકસતી જાતિ કલ્યાણ ખાતું | ૧૬૫ | ૪૪ |
| અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું | ૮૭ | ૪૩ |

૨. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ સમગ્ર ભરતી પ્રક્રિયા દરમિયાન વહીવટી તેમજ ટેકનિકલ રીતે ભરતી પસંદગી સમિતિને મદદરૂપ થવાનું રહેશે.

૩. ભરતી પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારોની પસંદગી ન્યાય યુક્ત, પારદર્શક અને તટસ્થ રીતે કરવાની રહેશે. તેમજ સીધી ભરતી અંગે વર્તમાનપત્રોમાં જાહેરાત આપવાની રહેશે અને તેની અરજીઓ ઓનલાઈન મેળવવાની રહેશે.

૪. પ્રસ્તુત ભરતીમાં ઉમેદવારોની પસંદગી અને ભરતી સંબંધિત જગ્યાના ભરતી નિયમો તથા સામાન્ય વહીવટ વિભાગની ભરતી અંગેની પ્રવર્તમાન નીતિ વિષયક સુચનાઓને ચુસ્તપણે અનુસરીને ખુબ જ તટસ્થ અને ન્યાયી રીતે કરવાની રહેશે. ઉમેદવારો પાસેથી અરજી મંગાવવી, ફી નક્કી કરવી, તેની ચકાસણી કરવી અને પરીણામ વગેરેને લગતી બધી વહીવટી બાબતોની કાર્યવાહીની સંચલન વ્યવસ્થા શિક્ષણ વિભાગના શિક્ષકોની ભરતી કરાય છે તે ધોરણે કરવાની રહેશે.

૫ ભરતી પસંદગી સમિતિએ લાયક ઉમેદવારોની પસંદગી યાદી/ આખરી પરિણામ તૈયાર કરીને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને મોકલી આપવાની રહેશે.

૬. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ પસંદગી પામેલ ઉમેદવારોને નાણા વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગના પ્રવર્તમાન ઠરાવો, પરિપત્રોની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ પગારથી નિમણૂક આપવાની રહેશે. તેમજ નાણા વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના ઠરાવો / પરિપત્રોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ પસંદગી સમિતિ દ્વારા ભલામણ કરાયેલ ઉમેદવારોની નિમણૂકની પ્રક્રિયા, તમામ સેવાકીય બાબતો તથા શિસ્ત વિષયક બાબતો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણને

હસ્તક રહેશે. તેમજ નિમણૂક અંગેની કાર્યવાહી સંબંધિત ખાતાના વડાઓએ વહીવટી સૂચનાઓની નીતિને અનુસરીને કરવાની રહેશે.

૮. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ પેરા નં.-૧ મુજબની જગ્યાઓના સરકારશ્રીની પ્રવર્તમાન અનામતનીતિ મુજબના વિગતવાર માંગણાપત્રક ભરતી પસંદગી સમિતિને મોકલવાની કાર્યવાહી કરવાની રહેશે.

૯. સમગ્ર ભરતી પ્રક્રિયા યોગ્ય અને પારદર્શક રીતે થાય તે જોવાની તમામ જવાબદારી ભરતી પસંદગી સમિતિની રહેશે.

પ્રસ્તુત ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર શિક્ષણ વિભાગની તા.૨૮/૦૬/૨૦૨૧, સામાન્ય વહીવટ વિભાગની તા.૨૦/૦૭/૨૦૨૧, નાણા વિભાગની તા.૨૭/૦૯/૨૦૨૧ અને સરકારશ્રીની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.શ.પ. વર્ગોનું કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવ ના અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે નાયબ સચિવશ્રી/ઉપસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, જ-શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- સિલેક્ટ ફાઈલ .